# શિહોલી મોટી સ્થિત ગાયત્રી વિદ્યામંદિર શાળામાં ચાલુ ક્લાસમાં પંખો પડ્યો

## ધોરણ : ૧૦ની વિદ્યાર્થીનીને આંખ ઉપર ઈજા : ૧૪ ટાંકા આવ્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરથી ફક્ત આઠ કિલોમીટર દૂર આવેલ શિહોલી મોટી સ્થિત ગાયત્રી વિદ્યામંદિર શાળામાં ચાલુ ક્લાસમાં પંખો પડવાની ઘટના બનવા પામી છે. એક ક્લાસમાં ચાલુ પંખો પડવાની ઘટના બની હતી. ક્લાસમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પાયલ અશોકભાઈ ઠાકોર ઉપર ચાલુ પંખો પડ્યો હતો. શાળામાં ચાલુ પંખો પડવાની વાત ગ્રામ પંચાયતના સભ્ય ગગનસિંહ ઠાકોરને થતા તેઓ વિદ્યાર્થીનીને ખાનગી દવાખાને લઈ ગયા હતા. જ્યાં પાયલને આંખના ઉપરના ભાગે થયેલ ઈજાથી ૧૪ ટાંકા લેવા પડ્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીની પાયલની હાલત સ્વસ્થ લાગતા તબીબ દ્વારા રજા આપવામાં આવી હતી.



### ગ્રાન્ટેડ શાળા પાસે પોતાનું મકાન નથી

ગાયત્રી વિદ્યામંદિર ગામમાં આવેલ મહાદેવજીના મંદિરમાં કાર્યરત છે. શાળાના મકાનને લઈને ટ્રસ્ટી અને ગ્રામજનો દ્વારા લાંબા સમયથી ગજગ્રાહ ચાલી રહ્યો છે. ટ્રસ્ટી ગ્રાન્ટ વાપરી નાખે છે. પરંતુ શાળાના વિદ્યાર્થીઓ માટેની જરૂરિયાત માટેની સવલતો પુરી પાડવામાં આવતી નથી. મહાદેવજીના મંદિરમાં શાળા હોવાથી વિદ્યાર્થીઓને અભ્યાસમાં ખલેલ પડે છે. ધાર્યું પરિણામ પ્રાપ્ત કરી શકાતુ નથી.

વિદ્યાર્થીનીને ઈજા થતાં ૧૪ ટાંકા લેવા પડ્યા હતા. વિદ્યાર્થીનીને ખાનગી દવાખાને સારવાર આપવામાં આવી હતી.

જિલ્લાના શિહોલી મોટી ગામમાં આવેલ ગાયત્રી વિદ્યામંદિરમાં ગઈકાલે ધોરણ :૧૦ના

# પોલીસ જીપમાંથી ગાયબ થયેલી બોટલની ઈન્કવાયરી સોંપાઈ

## સમગ્ર ઘટનાની તપાસ એએસપી કરશે

ગાંધીનગર, તા.૨૧

ચ માર્ગ પર પોલીસ જીપનો અકસ્માત સર્જાયો હતો. જેમાં દારૂની બોટલ અને ડીસ્પોઝલ ગ્લાસ તથા પાણીની બોટલો પણ પડી હોવાની તસવીરો બહાર આવતા સમગ્ર ઘટના અંગે ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે એએસપી કરણરાજ વાઘેલાને તપાસ સોંપી છે. દારૂની બોટલ કોણે ગાયબ કરી તે સહીતની તપાસ એએસપીએ શરુ કરી છે.




ચ માર્ગ પર જિલ્લા પંચાયત સામે બે દિવસ અગાઉ સાંજના અરસામાં પોલીસની બોલેરો જીપ પલ્ટી મારીને ઉંધા માથે થઈ ગઈ હતી. આ મામલે પોલીસે જાણવાજોગ નોંધી હતી. ઘટના સર્જાઈ તે સમયે રાહદારીઓનું ટોળુ ઉમટી પડયું હતું. તે પૈકી એક જાગૃત નાગરિકનું ધ્યાન ઉલ્ટી પડેલી જીપની ડેક્કી પાસે પડતા તેને રોયલ ચેલેન્જ બોટલ અને નીચે ડીસ્પોઝલ ગ્લાસ તથા પાણીની બોટલો દેખાતા તેણે મોબાઈલ પર ફોટો ખેંચી લીધો હતો. જો કે પોલીસ ઘટના સ્થળે પહોંચી અને કાર્યવાહી શરૂ કરી ત્યાં સુધીમાં આ બોટલ અને અન્ય સામાન ગાયબ થઈ ચુકયો હતો. આ ઘટના અંગે જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવે ઝીણવટભરી તપાસ કરવા માટે એએસપી કરણરાજ વાઘેલાને ઈન્કવાયરી સોંપી છે. એએસપીએ તપાસનો દૌર શરુ કર્યો છે.

# કુડાસણ સ્થિત ફલેટના ધાબેથી પટકાતા સિક્યુરીટી સુપરવાઈઝરનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર નજીક કુડાસણ ગામની સીમમાં સ્થિત એક ફલેટના ધાબેથી ગઈ સાંજે સિક્યુરીટી સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા એક યુવાન નીચે પટકાતા કરૂણ મોત નિપજ્યુ હતુ. ઈન્ફોસીટી પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતની આશંકાને પગલે તપાસ શરૂ કરી છે.

કુડાસણ ગામની સીમમાં સ્થિત એક ફલેટની સ્કીમના એ-બ્લોકના ધાબેથી રાંધેજા રહેતા ૨૫ વર્ષિય યુવાન પરાગ આત્મારામ પટેલ નીચે જમીન પર પટકાયા હતા. પરાગ પટેલ આ ફલેટમાં સિક્યુરીટી સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા હતા. ઘટનાની જાણ ઈન્ફોસીટી પોલીસને થતા જમાદાર બરવાભાઈ દેસાઈ બનાવ સ્થળે પહોંચી ગયા હતા. અને અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. સિક્યુરીટી સુપરવાઈઝરે કોઈ કારણોસર આપઘાત કરી લીધો હોવાની શંકાને આધારે જમાદાર વરવાભાઈએ તે દિશામાં તપાસ શરૂ કરી છે.

# સે-૨૮ બાલોદ્યાનમાં જુગાર રમતા ત્રણ શખ્સો ઝડપાયા

## ૮૭૦૦ના રોકડ મુદ્દામાલ સાથે ત્રણેયની ધરપકડ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરનાં સે-૨૮ સ્થિત બાલોદ્યાનમાં તહેવારોને પગલે ભારે ભીડ જોવા મળી રહી છે ત્યારે ગઈ કાલે સાંજે ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે સે-૨૧ પોલીસે દરોડો પાડી રૂ. ૮૭૦૦નાં રોકડ મુદ્દામાલ સાથે ત્રણ શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરની સે-૨૧ પોલીસને બાતમી મળી હતી કે સે-૨૮નાં બગીચામાં ખુલ્લામાં કેટલાક શખ્સો બાજી માંડીને જુગાર રમવા બેઠા છે જેને આધારે સે-૨૧ પોલીસની ટીમે દરોડો પાડતા જુગારીઓમાં દોડધામ મચી હતી. જો કે પોલીસે ખુલ્લેઆમ જુગાર રમતા ત્રણ શખ્સોને કોર્ડન કરીને ઝડપી લીધા હતાં. દાવ પરથી અને અંગ જડતી માંથી મળીને કુલ રૂ. ૮૭૦૦નો રોકડ મુદ્દામાલ પકડાઈ ગયો હતો. પોલીસે રોકડ મુદ્દામાલ જપ્ત કરીને પ્રાંતિજના આશીક મહમ્મ હનીફ રાઠોડ, સે-૨૪ છાપરાના રફીક મહમ્મદ લતીફ કુરેશી અને પ્રાંતિજના નાસીર હુસેન ગુલાબ હુસેન શેખ મળી ત્રણેયની ધરપકડ કરી લઈ ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૬

સૂર્યાસ્ત : ૭.૨૮

## તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૭૮ ટકા

## મનોરંજન

### સિટીપલ્સ

**સ્ક્રીન-૧ :**
બજરંગી ભાઈજાન : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :**
બજરંગી ભાઈજાન : ૧.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૩ :**
બાહુબલી : ૧.૦૦, ૪.૦૦
બજરંગી ભાઈજાન : ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**
બજરંગી ભાઈજાન : ૧૦.૦૦
બાહુબલી : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫ :**
બજરંગી ભાઈજાન : ૧૦.૦૦
બાહુબલી : ૧૦.૦૦

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**
બજરંગી ભાઈજાન : ૯.૦૦, ૧૨.૧૦, ૩.૩૦, ૬.૫૦, ૧૦.૧૦

**સ્ક્રીન-૨ :**
બજરંગી ભાઈજાન : ૧૧.૧૦, ૨.૩૦, ૫.૫૦, ૯.૧૦

**સ્ક્રીન-૩ :**
બજરંગી ભાઈજાન : ૧૦.૩૦, ૧.૪૦, ૪.૫૦, ૮.૦૦

**સ્ક્રીન-૪ :**
બાહુબલી : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૨૦, ૬.૪૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય પસાર થશે. ખાનપાનમાં ધ્યાન રાખવું. મિત્ર, સંતાન પક્ષ સંબંધી, વગેરે જેવા જવાબદારી ભર્યા કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ થઈ શકશે.

**વૃષભ** : વિશેષ ભાગ્યવર્ધક કાર્યોથઈ શકશે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા પ્રવાસ થશે. વ્યાપારમાં ગહન શોધ સંબંધી કાર્ય થશે. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્તી થવાનો યોગ.

**મિથુન** : પદોન્નતિ, ભૂમિ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. ધાર્મિક આયોજનોમાં ભાગ લેવાનુંથશે. અટવાયેલા પ્રશ્નોનું નિરાકરણ મળી શકશે.

**કર્ક** : શોધપૂર્ણ કાર્યોથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકશે. ધર્મ આધ્યાત્મ સંબંધી ગહન શોધ કાર્ય થઈ શકે છે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ વૃદ્ધિ થતી જણાય.

**સિંહ** : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવનાઓ છે. ઋતુ પ્રમાણે આહાર લેવો. મનોરંજન, આમોદ-પ્રમોદ સંબંધી વિશેષ યોગ.

**કન્યા** : સંતાન અને ઐશ્વર્ય પર ખર્ચ સંતોષ આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ધાર્મિક યાત્રાઓ થઈ શકશે. સમાજિકક્ષેત્રમાં પદ, પ્રતિષ્ઠામાં વધારો થશે.

**તુલા** : પરાક્રમની પ્રશંસાને કારણે પાસે આવનારા વ્યક્તિઓની અધિકતા રહેશે. નવા કાર્યોમાં ભાગદોડમાં વધારો થશે. ધર્મ, આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રાનો યોગ.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધ બનશે. વાહન ખરીદવાની સંભાવના છે .પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધાની રાખવી જરૂરી રહેશે.

**ધન** : સામાજિક ક્ષેત્રે લાભ મળી શકે છે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

**મકર** : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ ખશે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

**કુંભ** : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળશે. વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર કાબુ રાખવો.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. ભૌતિક સુખની પ્રાપ્તિ થશે. સ્વાધ્યાયમાં રુચિ વધશે. સુખદ સમાચાર મળશે.

## ચિરવિદાય

- સ્વ. શકરીબેન ચતુરભાઈ બજાણીયા (ઉ.વ.૯૩) મુ. ઓતાજીના છાપરે, ડભોડા, જી. ગાંધીનગર
- સ્વ. બ્રિજેશ હરેશભાઈ પટેલ (ઉ.વ.૨૯) ૬૪૦, પંચદીપ ફલેટ, સેકટર-૮, ગાંધીનગર

# સુજલામ્ સુફલામ્ કેનાલોમાં પાણી છોડી ચોમાસુ પાકો બચાવી લેવા માંગ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જીલ્લા કોંગ્રેસ -મુખ સૂર્યસિંહ ડાભીએ જણાવ્યું છે કે ગાંધીનગર જીલ્લામાં પાછોતરો વરસાદ ખેંચાતા ચોમાસું પાકો સુકાવા લાગ્યા છે જેથી જીલ્લામાંથી પસાર થતી સુજલામ સુફલામ કેનાલોમાં વહેલી તકે પાણી છોડીને ચોમાસું પાકો બચાવી લેવા માંગ કરવામાં આવી છે. વર્તમાન ભાજપની બેરી અને આંધળી સરકારને ખેડૂતોની દશા બગાડીને પોતાની દિશા બદલી ફક્ત માલેતુજારો અને ઉદ્યોગપતિઓ તરફ કરી છે તે બાબત ખુબજ નિંદનીય છે.

એક બાજુ ખેડૂતોની દુર્દશા આપઘાત તરફ સરકી રહી છે જયારે સરકાર આત્મઘાતી પુરવાર થઈ રહી છે. આમ ખેડૂતોનું કોઈ રણીધણી નથી . સરકાર માઈબાપ બનવાને બદલે ખેડૂતો ઉપર અત્યાચાર કરી રહી છે .જો વહેલી તકે સુજલામ સુફલામ કેનાલોમાં ખેતી માટે પાણી છોડવામાં નહિ આવે તો જીલ્લા કોંગ્રેસ દ્વારા ખેડૂતોના આંદોલન છેડવામાં આવશે. જેથી કિશાનો બાબતે ઝડપથી નિર્ણય લેવા રાજય સરકારના સિંચાઈ વિભાગના અધિકારીઓ તથા સુજલામ સુફલામ કેનાલના મુખ્ય ઈજનેરશ્રી ઉક્ત બાબતે વહેલી તકે કેનાલોમાં પાણી છોડવા જીલ્લા કોંગ્રેસ -મુખે બુલંદ માંગ કરી છે.

# પીએસઆઈ-એસઆઈ પરીક્ષાના પરિણામો અંગે ૨૦૦થી વધુ આરટીઆઈ અરજીઓ મળતા ભરતી બોર્ડ મુંઝવાયું

## મૌખિક પરીક્ષાઓ માટેના ઉંચા મેરીટ અને પરીક્ષાઓ દરમ્યાન ગેરરીતિના આક્ષેપો વચ્ચે ટૂંકાગાળામાં અધધ... આરટીઆઈ મળતા બોર્ડની હાલત કફોડી : સીસીટીવી ફૂટેજ, આન્સર કી, તમામ ઉમેદવારોના પેપરવાઈઝ ગુણ ઉપરાંત કોન્સ્ટેબલની પરીક્ષામાં સીંગલ ડિઝીટ માર્ક લાવનારાને મેરિટમાં સ્થાન મળવા બાબતના ખુલાસા માંગવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા તાજેતરમાં રાજ્યમાં ૧૫૦૦થી વધુ પીએસઆઈ-એએસઆઈની જગ્યાઓ માટે લેખિત પરીક્ષાનું પરિણામ જાહેર કરાયું હતું અને તા. ૨૦મી જુલાઈથી મેરિચમાં સ્થાન મેળવનાર ઉમેદવારોના મૌખિક ઈન્ટરવ્યુ પણ પ્રારંભ કરવામાં આવ્યા છે. મેરિટ બાબતે અનેક પ્રકારની ગેરરીતિના આક્ષેપો ભર્તી બોર્ડ પર કરાયાં છે અને મૌખિક ઈન્ટરવ્યુ ચાલુ થયા તે પહેલા આ પ્રક્રિયા બાબતે આશરે ૨૦૦થી વધુ આરટીઆઈ અરજીઓ મળવા પામી છે જેના જવાબ આપવા બોર્ડ મુંઝવણમાં મુકાયું છે.

રાજયમાં પીએસઆઈ-એએસઆઈની ભરતીની લેખિત પરીક્ષામાં રાજયના આશરે ૨૫ હજારથી વધુ ઉમેદવારો સામેલ થયા હતા. તા. ૨, ૩ અને ૪ મે દરમ્યાન લેવાયેલ આ પરીક્ષાના પરિણામો જાહેર કરાયાં ત્યારથી મેરિટમાં અને પરીક્ષા દરમ્યાન અનેક પ્રકારની ગેરરીતિ આચરાઈ હોવાના આક્ષેપોનો ભરતીબોર્ડ સામનો કરી રહ્યું છે. મેરિટ ઊંચુ રહેવાને કારણે પણ ઉમેદવારોમાં અસંતોષ સર્જાયો છે અને આ અસંતુષ્ઠ ઉમેદવારોએ વિવિધ બાબતે આરટીઆઈ અરજી કરી બોર્ડ પાસે ખુલાસા અથવા અન્ય માહિતીની માંગણી કરી છે. માત્ર ૧૨ થી ૧૩ના ગાળામાં આટલા મોટા પ્રમાણમાં આરટીઆી મળતા ભરતીબોર્ડ પણ મુંઝવણમાં મુકાઈ ગયું છે. પરંતુ બીજી તરફ ભરતી પ્રક્રિયામાં મૌખિક ઈન્ટરવ્યુનો પ્રારંભ તો કરી દેવાયો જ છે. જે ૧૫ દિવસ સુધી ચાલનાર છે.

ભર્તી બોર્ડને મળેલ આરટીઆઈમાં પરીક્ષાના અમુક કેન્દ્રોના સીસીટીવી ફૂટેજથી માંડીને પોલીસ કોન્સ્ટેબલની પરીક્ષામાં સીંગલ ડિઝીટ માર્ક મેળવનારા ઉમેદવારોને પીએસઆઈ-એએસઆઈના મેરિટમાં કેવી રીતે સ્થાન મળ્યું તે બાબતના ખુલાસા સુદ્ધા માંગવામાં આવ્યા છે. ઘણા ઉમેદવારોએ સાચી આન્સર કી પણ માંગી છે તો ઘણાએ તમામ ઉમેદવારોના નામ અને લેખિત પરીક્ષામાં પેપર મુજબ મેળવેલા ગુણ અંગે માહિતી માંગી છે. આમ, એક સાથે ટૂંકા ગાળામાં આટલી બધી આરટીઆઈ મેળવવાથી સ્તબ્ધ બની ગયેલ પોલીસ ભર્તી બોર્ડ હાલ તો જવાબ આપવામાં પણ મુંઝવણમાં મુકાયું હોય તેવું ભાસી રહ્યું છે.

# ડ્રગ્સનું નેટવર્ક ચલાવતો અબ્દુલ કાદીર ઝડપાયો

અમદાવાદ, તા.૨૧

એમ ડી ડ્રગ્સના ડીલર અબ્દુલ કાદર છીપાને એલીસબ્રીજ પોલીસે ઝડપી પાડી હતી. પોલીસે અબ્દુલ કાદર છીપા સાથે એક યુવતીને પણ ઝડપી પાડી હતી. અમદાવાદ એલીસબ્રિજ પોલીસ પેટ્રોલીંગમાં હતા પેટ્રોલીંગ દરમ્યાન બાતમી મળી હતી તે દરમ્યાન એલીસબ્રિજ પોલીસ લાઈન પાસે થી ૨૨થી ૨૫ વર્ષના યુવક શંકાસ્પદ હિલચાળ કરતાં પોલીસે તેની અટકાયત કરી હતી તેની પુછપરછ કરતાં અબ્દુલ કાદિર હોવાનું જણાવ્યું હતું આરોપી અબ્દુલ કાદિરની સઘન પુછપરછ કરતાં તેને અમદાવાદમાં એમ ડી ડ્રગ્સનું નેટવર્ક ચલાવતો હતો. ઉલ્લેખનીય છે કે, અબ્દુલ કાદિર અને તેનો પિતરાઈભાઈ ફિરોઝ કાણિયો પટવા શેરીથી એનડી ડ્રગ્સનું નેટવર્ક ચલાવચા હતા. જેના બે મહિના પહેલા એટી એસ એ ડ્રગ્સની હેરફેર કરતાં વિરેન્દ્ર ઉર્ફે સોનું કિંગની ધરપકડ કરી હતી. જેમાં અબ્દુલ અને ફિરોજના નામ પ્રકાશમાં આવ્યા હતા. જો કે આ બંને આરોપીઓ વોન્ટેડ હતા અને ફરાર હતા આ અંગે એલીસબ્રિજ પોલીસ વધુ પુછપરછ હાથ ધરી છે.

## પોલીસ તંત્ર લાચાર પરિસ્થિતિમાં : કોંગી

છોટા ઉદેપુરમાં ખનિજ ખાણ માફિયા દ્વારા જિલ્લાના કલેક્ટર પર જાનલેવા હીચકારો હુમલો થયો તે અંગે પૂછાયેલા પ્રશ્નો જવાબ આપતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં દારૂના માફિયાઓએ અગાઉ પોલીસ અધિકારી પર હુમલો કરીને મોતને ઘાટ ઉતાર્યા હતા. આજે રેતી માફિયાઓએ કલેકટર ઉપર કરેલો જાનલેવા હુમલા દર્શાવે કે, ગુજરાતમાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ કેટલા હદે કથળી ગઈ છે.



ચિકિત્સા શિબિર : સેક્ટર-૫ ખાતે આવેલ પંચમુખી મહાદેવ મંદિરમાં નેચરોપેથી અને લોહિચૂંબક ચિકિત્સા શિબિર યોજાઈ હતી તે પ્રસંગની તસવીર.



# આદિજાતિ વિસ્તારની શાળા ૧૦૦ ટકા રિઝલ્ટ મેળવે છે

ગુજરાત સ્ટે ટ્રાયબલ એજ્યુકેશનલ સોસાયટી ( જી એસ ટી ઈ એસ) ગાંધીનગર આદિજાતિ વિસ્તારોમાં આવેલી ધોરણ-૧૦-૧૨ની ૧૦૦ ટકા સુધી પરિણામ પ્રા કરેલી એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલો, વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું આજે ગાંધીનગર ખાતે આદિજાતિ વિકાસ મંત્રી કાંતિભાઈ ગામીતની ઉપસ્થિતિમાં સન્માન કરાયું હતું. મંત્રી મંગુભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, રાજય સરકાર વાલીઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકોના સહિયારા પ્રયાસોથી આજે આદિજાતિ વિસ્તારની ધોરણ-૧૦ અને ૧૨ની એકલવ્ય પરિણામ મેળવી શક્યા છીએ. વિદ્યાર્થીઓ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં ૯૩.૮૩ ટકા સુધીનું પરિણામ પ્રા કરી શકયા છે. રાજયના છવાડાના આદિજાતિ વિસ્તારની શાળાઓ આજે નોંધપાત્ર પરિણામ મેળવતી થઈ છે. ગુજરાત રાજય અલગ થયું ત્યારે તેનું કુલ બજેટ ૫૬ કરોડ જાહેર કરવામાં આવ્યું છે. આ યોજનાના પ્રથમ તબક્કામાં ૧૭,૮૩૬ કરોડની રકમ ફાળવવામાં આવી છે. જેનો લાભ આદિજાતિ વિસ્તારનાં છેક છેવાડાના નાગરિકને પ્રાપ્ત થઈ રહ્યો છે.

# પંચાયત પદાધિકારીઓના સન્માનમાં કોંગ્રેસ નહીં જોડાય : સૂર્યસિંહ

ગાંધીનગર, તા. ૨૧

સમગ્ર રાજયમાં -જા ભાજપ સરકારના વહીવટથી ત્રસ્ત થઈ હોંય અને સરકાર હાલ ઉત્સવો અને કાર્યક્રમોમાં વ્યસ્ત હોય ત્યારે કોંગ્રેસ પક્ષના પંચાયતોના પદાધિકારીઓ, માજી સંસદસભ્યો, ધારાસભ્યો, સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શતાયુ નાગરિકોને સન્માનવાનો ભાજપ -રિત સરકારી ખર્ચે થતા કાર્યક્રમોમાં કોંગ્રેસ પક્ષના આગેવાનો કદાપી ભાગ લેશે નહી તેવું નિવેદન કરતા જીલ્લા કોંગ્રેસ -મુખશ્રી સુર્યસિંહજી ડાભી જણાવ્યું છે કે અમરેલી જીલ્લામાં અતિવૃષ્ટિને કારણે -જા ત્રાહિમામ પોકારી ગઈ છે જયારે પાટણ જેવા જીલ્લામાં પીવાના પાણી વિના તટળી રહી છે ત્યારે સરકારના આવા બાલીશ અને સસ્તી -સિદ્ધિ માટે વ્યર્થ કાર્યક્રમો અને તાયફાઓમાં ભાગ લઈ અમારે -જાની ખોફગી વહોરવી નથી તેમજ અતિવૃષ્ટિથી પોતાનો જાનમાલ ગુમાવનાર અસરગ્રસ્ત -જાને સંપૂર્ણ રાહત વળતર મળે નહિ ત્યાં સુધી આવા કોઈ કાર્યક્રમમાં ભાગ નહિ લેવા -દેશ કોંગ્રેસ દ્વારા મનાઈ ફરમાવી હોવાથીઓ ગાંધીનગર જીલ્લા કોંગ્રસના કોઈપણ આગેવાનો, કાર્યકરો, પદાધિકારીઓએ આગામી તા. ૨૪/૭/૧૫ના રોજ ગાંધીનગર જીલ્લામાં યોજાનાર પંચાયતના પદાધિકારીઓનું સન્માન કાર્યક્રમ માં ભાગ નહિ લેવા જણાવવામાંઆવે છે.

વધુમાં શ્રી ડાભી એ જણાવ્યું છે કે ભારતરત્ન સ્વ.રાજીવ ગાંધી દ્વારા પંચાયતની ત્રિસ્તરીય પંચાયતી રાજ -ણાલિકા ને મજબૂત બનાવી ને સમગ્ર દેશમાં ગુજરાત મોડેલ લાગુ કર્યું હતું અને તેથીજ તો રાજયમાં પંચાયતોની સ્થિતિ સંગીન અને મજબૂત બની છે તે યાદ રાખવું જોઈએ તેવું જીલ્લા કોંગ્રેસની યાદીમાં જણાવ્યું છે.